# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic College Campus, Bilkha Road, Khadiya,
**Junagadh**
Ph. : (O) 0285-2681400 Fax : (0285) 2681503
Website : http://www.bknmu.edu.in E-mail : info@bknmu.edu.in


**વિષય : પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓને અપાતી સુવિધા તેમજ CCTV કેમેરા મોનીટરીગ બાબત.**

પરિપત્ર :–

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ/સ્થળ સંચાલક/સંચાલકશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોના પ્રો.ઈન્ચાર્જશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને સવિનય જણાવવામાં આવે છે કે, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ધ્વારા યુ.જી. સેમેસ્ટર–૪ તા.૨૦/૦૩/૨૦૧૮ તથા યુ.જી. સેમેસ્ટર– ૨ તા.૦૩/૦૪/૨૦૧૮ તેમજ પી.જી. સેમેસ્ટર–૨ અને ૪ તા.૧૬/૦૪/૨૦૧૮થી થીયરી પરીક્ષાઓ શરૂ થતી હોવાથી કોલેજ/સેન્ટરમાં વિદ્યાર્થીની પ્રાથમિક જરૂરીયાત જેવી કે પાણી, સેનીટેશન અંગેની કાળજી લેવાની જવાબદારી અને CCTV Cameraનું યુનિવર્સિટી ખાતેથી લાઈવ મોનિટરીંગ થઈ શકે તે માટે કોલેજમાં રહેલ દરેક DVRને Internet Connectivity આપી શિક્ષણકાર્ય તેમજ પરીક્ષા સમયગાળા દરમ્યાન કનેકટીવીટી ચાલુ રહે અને વીજળી બંધ ન રહે તે અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજના આચાર્યશ્રી, પી.જી. સેન્ટરના વડાની રહે છે અને જો ઉકત સમય દરમ્યાન કોઈપણ ક્ષતી રહે, તો તે સંજોગોમાં યુનિવર્સિટી ધ્વારા દંડાત્મક પગલા લેવામાં આવશે જેની નોંધ લેવી તેમજ Internet Connectivity નહીં મળે તો તે સંજોગોમાં યુનિવર્સિટી ધ્વારા કોલેજ ખાતે સ્થળ તપાસ/પરીક્ષા ચેકીંગ સ્કવોડ મોકલવામાં આવેલ હશે તે અંગેનો તમામ ખર્ચ જે તે કોલેજોએ ચૂકવવાનો રહેશે.

યુનિવર્સિટી ધ્વારા અગાઉ લેવાયેલી પરીક્ષાઓ દરમ્યાન આપના આચાર્યશ્રી/સ્થળ સંચાલક/સંચાલકશ્રીઓનો ધ્વારા મળેલો સહકાર આ પરીક્ષા દરમ્યાન પણ મળે તેવી અપેક્ષા રાખીએ છીએ.

**અગત્યની નોંધ :**

પરીક્ષામાં **CCTV** મોનીટરીંગ દરમ્યાન કેમેરા બંધ રહેશે તો દંડાત્મક પગલા લેવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

**નોંધ :**

(૧) પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા એક જ બિલ્ડીંગમાં રાખવાની રહેશે તથા બેન્ચ ઉપર એક વિષયના એક વિદ્યાર્થીને બેસાડવાનો રહેશે. જો એક બેન્ચ ઉપર અન્ય વિદ્યાર્થી બેસાડવાની જરૂરીયાત હોય તો તે બાજુમાં બેસેલ વિદ્યાર્થીએ રાખેલ વિષયનો ન હોય તેની કાળજી લેવી.

| | |
|---|---|
| | **Bhakta Kavi Narsinh Mehta University**<br>Govt. Polytechnic College Campus, Bilkha Road, Khadiya,<br>**Junagadh**<br>Ph. : (O) 0285-2681400 Fax : (0285) 2681503<br>Website : http://www.bknmu.edu.in E-mail : info@bknmu.edu.in |

(૨) એક બ્લોકમાં વધુમાં વધુ કુલ ૩૦ વિદ્યાર્થીની સંખ્યા રાખવાની રહેશે.

(૩) અગાઉ મોકલાવેલ માહિતીમાં DVR / IP Address માં ફેરફાર હોય તો અપડેટેટ માહિતી આ સાથે સામેલ ફોર્મમાં તા.૧૬/૦૩/૨૦૧૮ સુધીમાં મોકલાવી આપવાની છે અને તેની Softcopy cebknmu@gmail.com ઉપર મોકલી આપવી.

(૪) CCTV Camera ટેસ્ટીંગ શરૂ કરવાના હોય તા.૧૭/૦૩/૨૦૧૮ના રોજ દેવભૂમિ દ્વારકા અને ગીર–સોમનાથ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો તથા તા.૧૯/૦૩/૨૦૧૮ના રોજ જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોએ Camera સવારના ૧૦:૦૦ થી ૦૫:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવા અને કોલેજ/સંસ્થાના જવાબદાર વ્યકિતએ આ સમય દરમ્યાન સ્થળ પર હાજર રહેવું.

પરીક્ષા નિયામક

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૭૨૯૦/૨૦૧૮
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨૨૬૩
તા.૧૩/૦૩/૨૦૧૮

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/માન્ય સંસ્થાના વડાઓ/પી.જી. સેન્ટરના પ્રા.ઈન્ચાર્જશ્રીઓ તરફ...

નકલ રવાના :–
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :–
(૧) એકેડેમિક વિભાગ
(૨) આઈ.ટી. સેલ વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.